# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-02-2026 Day: Monday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## પરીક્ષા પે ચર્ચાની આજે બીજી કડી:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે "પરીક્ષા પે ચર્ચા" ની 9મી આવૃત્તિની બીજી કડીમાં વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરશે. ઉલ્લેખનીય છે કે 6 ફેબ્રુઆરીએ પહેલી કડીમાં પ્રધાનમંત્રીએ વિદ્યાર્થીઓને પરીક્ષા દરમિયાન તણાવ અને ચિંતાને કેવી રીતે દૂર કરવી તે અંગે સંબોધન કર્યું. દરમિયાન, શ્રી મોદીએ વિદ્યાર્થીઓને તેમની પોતાની અનોખી શીખવાની રીતો પર વિશ્વાસ રાખવાની પણ સલાહ આપી.

**----------------------------------------------------------------------------------------------**

## આવકવેરા નિયમો જાહેર જનતા પાસેથી સુચનો માંગવામાં આવ્યા :

સરકારે આવકવેરા નિયમો અને ફોર્મ, 2026 ના મુસદ્દા પર જાહેર જનતા અને હિતધારકો પાસેથી સૂચનો આપવા જણાવ્યું છે. આ મહિનાની 22 તારીખ સુધી આવકવેરા કચેરીના સત્તાવાર પોર્ટલ પર આ સૂચનો મોકલી શકાશે.

આવકવેરા કચેરીએ માહિતી આપી છે કે મુસદ્દા નિયમો જાહેર ડોમેનમાં ઉપલબ્ધ છે. આનો હેતુ પારદર્શિતાને પ્રોત્સાહન આપવા અને સહભાગી અને અસરકારક નિયમ ઘડતર પ્રક્રિયા સુનિશ્ચિત કરવાનો છે.

**----------------------------------------------------------------------------------------------**

## શાળાના એક કરોડથી વધુ બાળકોનું ફરજિયાત બાયોમેટ્રિક નોંધણી:

યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઇન્ડિયા -UIDAI એ એક કરોડથી વધુ શાળાના બાળકો માટે ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ પૂર્ણ કર્યું છે.

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેક્નોલોજી મંત્રાલયે જણાવ્યું હતું કે ઓથોરિટીના પ્રાદેશિક કાર્યાલયો અને રાજ્ય શિક્ષણ વિભાગોએ, એક મિશન મોડમાં કામ કરીને, માત્ર પાંચ મહિનામાં 83 હજાર શાળાઓમાં બાયોમેટ્રિક અપડેટ કેમ્પનું આયોજન કર્યું હતું. બાળકોને પ્રોત્સાહિત કરવા અને આ સેવા બધા માટે સુલભ બનાવવા માટે, ઓથોરિટીએ 7 થી 15 વર્ષની વયના બાળકો માટે ફી માફ કરી દીધી છે.

---

## જિલ્લામાં સ્માર્ટ આંગણવાડી:

જીલ્લાના ભુલકાઓના સર્વાંગી વિકાસ અને શિક્ષણને વધુ પ્રેરણાદાય બનાવવાના હેતુથી જીલ્લા વહીવટી તંત્ર દ્વારા જીલ્લાની 1 હજાર 455 આંગણવાડી કેન્દ્રોના નવીની કરણની ઝુંબેશ હાથ ધરાઈ હતી. જે અંતર્ગત અત્યારસુધીમાં 46 આંગણવાડી કેન્દ્રમાં જરૂરી મરંમત કામગીરી પુર્ણ કરાઈ છે. બાળકોને આરોગ્યપ્રદ વાતાવરણ મળી રહે તે હેતુથી આંગણવાડીઓમાં સ્વચ્છતા અભિયાન પણ ચલાવવામાં આવ્યુ છે.જીલ્લાના બાળકોને ખાનગી પ્લે સ્કુલ જેવી જ સુવિધાઓ સરકારી કેન્દ્રોમાં મળે તે માટે આંગણવાડીઓને સ્માર્ટ બનાવાશે.

---

## અંજાર APMC ખાતે જી રામજી અંગે કાર્યશાળા:

અંજારની એ.પી.એમ.સી ખાતે વિકસિત ભારત જી રામ જી અંતર્ગત અંજાર તાલુકા ભાજપની કાર્યશાળા યોજાઈ હતી.જેમાઆગામી તા.12 ફેબ્રુઆરીના એ.પી.એમ.સી. ખાતે ખેડૂત શ્રમિક સંમેલન યોજાશે. જેમાં ગામેગામના ખેડૂતો અને શ્રમિકોને જોડવા માટે અનુરોધ કરાયો હતો. રાજ્ય કક્ષાના મંત્રી ત્રિકમભાઈ છાંગાએ કહ્યું હતું કે જી રામ જી યોજનાના માધ્યમથી

2047 વિકસિત ભારતની કલ્પના ગામડાંઓને સમૃદ્ધી તરફ લઈ જશે. તેમણે અંજાર વિસ્તારમાં થઈ રહેલા વિકાસ કાર્યની વાત કરી હતી.

---

## રાજ્યમાં આવતીકાલે આલ્બેન્ડાઝોલ ગોળીનું વિતરણ:

રાજ્યમાં આવતીકાલે રાષ્ટ્રીયકૃમિનાશન દિવસની ઉજવણી અંતર્ગત રાજ્યના તમામ જીલ્લાઓમાં 1 થી 19 વર્ષના બાળકોને આંતરડાના કૃમિથી મુક્ત કરવા માટે આલબેન્ડાઝોલ ગોળી આપવાની કામગીરી હાથ ધરાશે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા શાળા તથા આંગળવાડી કેન્દ્રો મારફતે ગામવાર અને વોર્ડવાર માઈક્રોપ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત શાળાએ ન જતા અને આંગળવાડીમાં નોંધાયેલ ન હોય તેવા બાળકોને પણ આવરી લેવાની વ્યવસ્થા કરાઈ છે.

---

## ભુજ તાલુકામાં રવિપાકમાં જીરૂનું વાવેતર:

ભુજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં રવિ સિઝનની ખેતીમાં જીરાના પાકે ખાસ આકર્ષણ જમાવ્યું છે. તાલુકાનાં પદ્ધર, કાળી તલાવડી, કોટડા ચકાર, થરાવડા સહિતનાં ગામોમાં જીરા સાથે ઘઉં, ઈસબગુલ, રાયડો અને વરિયાળી જેવા પાકો સારા પ્રમાણમાં જોવા મળી રહ્યા છે. અને થોડા સમયમાં પાકવાની તૈયારીમાં હોવાથી ખેડૂતો દ્વારા કાપણીની તૈયારી પણ શરૂ કરી દેવામાં આવશે.આ વિસ્તારના ખેડુતોના જણાવ્યા અનુસાર આ વર્ષે રવિ સિઝન જીરાના પાક માટે અનુકૂળ રહી હતી. આવનારા દિવસોમાં હવામાન સાથે આપે તો એકાદ માસમાં પાક સંપૂર્ણ તૈયાર થઈ જશે, જે ઉંઝાની પ્રસિદ્ધ માર્કેટ યાર્ડમાં વેંચાણ માટે લઈ જઈ શકાશે. કૃષિ વિભાગમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર સમગ્ર જિલ્લામાં 61,755 હેક્ટરમાં જીરાનું વાવેતર કરાયું છે, જેમાં ભુજ તાલુકાનો નોંધપાત્ર હિસ્સો છે.

---

# જીલ્લામાં વાતાવરણીય વિષમતા:

જીલ્લામાં છેલ્લા ચારેક દિવસથી વિષમ હવામાન અનુભવાઈ રહ્યુ છે. મહત્તમ ઉષ્ણતામાન ઊંચુ રહેતાં દિવસે ઉનાળુ વાતાવરણ, તો રાત્રિના ભાગે ગુલાબી ઠંડીની અનુભૂતિ લોકો કરી રહ્યા છે. ગઈકાલે નલિયામાં લઘુતમ ઉષ્ણતામાન 11.8, તો અંજાર-ગાંધીધામમાં 13.4 જ્યારે જિલ્લા મથક ભુજમાં 16.8 ડિગ્રીએ પહોંચતાં વહેલી પરોઢ સુધી ગુલાબી ઠંડીની  ચમક અનુભવાઇ હતી. જયારે કંડલા બંદરે 33.7 ભુજમાં 33.5, અંજાર-ગાંધીધામમાં 32.6 અને નલિયામાં 32.5 ડિગ્રી મહત્તમ ઉષ્ણતામાને દિવસના ભાગે ગરમીનો અનુભવ થયો હતો. હવામાન નિષ્ણાતોના મતે આ માસના અંત સુધી વાતાવરણમાં વિષમતાનો દોર જારી રહેવાનો છે.

---